# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-08-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 25 ઓગસ્ટે રાજ્યને 1400 કરોડથી વધુની રેલવે પરિયોજનાની ભેટ આપશે
2) રાજ્ય સરકારે એક સાથે બે હજાર 55 નવી ગ્રામ પંચાયતને નવી ઈમારત માટે 490 કરોડ રૂપિયાનું અનુદાન મંજૂર કર્યું.
3) અમદાવાદમાં વિદ્યાર્થીની હત્યા મામલે શાળાના વહીવટી તંત્ર અને આચાર્ય સામે ગુનો નોંધાયો.
4) **સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં આવતીકાલે અતિભારે વરસાદની આગાહી**
5) ભોપાલમાં યોજાયેલી તરવૈયાઓની સ્પર્ધામાં વડોદરાના બે ખેલાડીએ 10 ચંદ્રક જીત્યા

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM RAILWAY PROJECTS -GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમની ગુજરાત મુલાકાત દરમિયાન આગામી 25 મી ઓગસ્ટે રાજયને ચૌદસો કરોડથી વધુના રેલવે પરિયોજનાની ભેટ આપશે. આ પ્રોજેક્ટ્સથી ઉત્તર ગુજરાતના મહેસાણા , પાટણ, બનાસકાંઠા, ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામા કનેક્ટિવિટી , ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન મળશે અને રોજગારીની નવી તકો ઊભી થશે.

સાંભળીએ એક અહેવાલ..

**(અપર્ણા ખૂંટ – PM RAILWAY)**

*[આ રેલ પ્રોજેકટમાં ₹537 કરોડના ખર્ચે 65 કિલોમીટર મહેસાણા-પાલનપુર રેલવે લાઇનની ડબલિંગ પરિયોજના, ₹347 કરોડના ખર્ચે કલોલ-કડી-કટોસણ રોડ રેલવે લાઇનનું અને ₹520 કરોડના ખર્ચે બેચરાજી-રણુંજ રેલવે લાઇનના ગેજ કન્વર્ઝનનો સમાવેશ થાય છે. આ રેલવે પ્રોજેક્ટ્સથી ઉત્તર ગુજરાતના જીલ્લાઓને બ્રોડગેજ લાઇન મળતા દૈનિક પ્રવાસીઓ અને વ્યવસાયો માટે મુસાફરી સરળ અને ઝડપી બનશે. આ ઉપરાંત , શ્રી મોદી કટોસણ રોડ અને સાબરમતી વચ્ચે પેસેન્જર ટ્રેન સેવા અને બેચરાજીથી કાર-લોડેડ માલગાડી સેવાનું પણ ઉદ્ઘાટન કરશે.*

અપર્ણા ખૂંટ //આકાશવાણી સમાચાર //અમદાવાદ]

. . . . . . . . .

# CM GRAM PANCHAYAT

રાજ્ય સરકારે એક સાથે બે હજાર 55 નવી ગ્રામ પંચાયતને પોતિકા પંચાયત ઘર નિર્માણ માટે 490 કરોડ રૂપિયાનું અનુદાન મંજૂર કર્યું. તેના થકી મોટા ભાગની ગ્રામ પંચાયત આ વર્ષે જ પોતાના મકાનોનું નિર્માણકાર્ય હાથ ધરી શકશે.

ગ્રામ પંચાયત ઘર કમ તલાટી —મંત્રી આવાસ યોજનામાં 100 ટકા સંતૃપ્તિ લાવવા અને ત્રિસ્તરની પંચાયતીરાજ વ્યવસ્થાના મહત્વના અને પાયાના એકમ એવી ગ્રામ પંચાયતોને પોતિકા પંચાયત ઘર ઉપલબ્ધ થાય તેવા હેતુથી આ મંજૂરી અપાઈ હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે , 10 હજારથી વધુ વસતિ ધરાવતા ગામને 40 લાખ , પાંચથી 10 હજાર સુધીની વસતિ ધરાવતા ગામને 34 લાખ 83 હજાર અને પાંચ હજારથી ઓછી વસતિ ધરાવતા ગામને 25 લાખ રૂપિયાનું અનુદાન આવાસ બનાવવા અપાય છે.

. . . .

# ANGANVADI LOKARPAN

રાજ્યમાં ગત ત્રણ મહિનામાં 862 આંગણવાડી કેન્દ્રનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું છે. મહિલા અને બાળવિકાસ મંત્રી ભાનુબેન બાબરિયાએ કહ્યું , રાજ્યકક્ષાએથી કરાતી સતત સમીક્ષા , અને સંકલન થકી આંગણવાડીના નવા મકાનનું નિર્માણકાર્ય ઝડપથી પૂર્ણ થઈ રહ્યું છે. તેના પરિણામે રાજ્યના હજારો નાના બાળકોને અદ્યતન સુવિધાઓ સાથેના નવા આંગણવાડી કેન્દ્રો ઝડપથી ઉપલબ્ધ થયા છે.

આગામી સમયમાં પણ આ જ પ્રકારે આંગણવાડી કેન્દ્રોના પોતાના મકાનોને વધુ વિસ્તૃત કરી રાજ્યના દરેક બાળકને શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે અનુકૂળ વાતાવરણ અપાશે તેવો વિશ્વાસ સુશ્રી બાબરિયાએ વ્યક્ત કર્યો.

. . . .

# AMDAVAD SCHOOL VIVAD

અમદાવાદની સેવન્થ ડે / ખાનગી શાળાના વિદ્યાર્થીની હત્યા કેસની તપાસ ક્રાઈમબ્રાન્ચને સોંપાઈ છે. અમદાવાદ ક્રાઈમબ્રાન્ચના ACP ભરત પટેલે કહ્યું, પ્રાથમિક તપાસ બાદ શાળાના વહીવટી તંત્ર અને આચાર્ય વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. તેમજ સગીર આરોપીને આજે જુવેનાઈલ બૉર્ડ સમક્ષ રજૂ કરાયો. હાલ ક્રાઈમબ્રાન્ચ પૂરાવા એકત્રિત કરવાનું કામ કરી રહી છે.

(BYTE: BHARAT PATEL, ACP, CRIME BRANCH, AMDAVAD)

. . .

# TOUR OPERATOR SAMEET -MULUBHAI BERA

પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં ગીરસોમનાથના વેરાવળ ખાતે ટૂર ઓપરેટર્સ રોડ શો સમિટ યોજાઈ.

સોમનાથ સહિત આસપાસના પ્રવાસન સ્થળને વિકસાવવાના હેતુથી યોજાયેલી સમીટમાં મંત્રીશ્રીએ કહ્યું, ગીરસોમનાથ જિલ્લો પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર છે ત્યારે ત્યાં અનેક વિકાસના કાર્યો સહિત પ્રથમ જ્યોતિર્લિંગમાં દાર્શનિક અનુભવ સાથે વૈશ્વિક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા સરકાર કટિબદ્ધ છે. પ્રવાસન ક્ષેત્રના અંદાજપત્રમાં વધારો કરી અને આધુનિક સગવડ સાથે પ્રવાસીઓના અનુભવને ઉત્તમ બનાવવાનો ધ્યેય છે.

સમીટમાં  જિલ્લાના પ્રવાસન સ્થળો તુલસીશ્યામ , દ્રોણેશ્વર, જમજીર અને શ્રીબાઈ આશ્રમના વિકાસની વાત પણ રજૂ કરવામાં આવી.

. . . . .

# AMRELI COURT

અમરેલીની અદાલતે અપહરણ તથા પોક્સો કેસના આરોપીને સાત વર્ષની સખત કેદ તથા પાંચ હજાર રૂપિયાના દંડની સજા કરી છે.

અમરેલીના દામનગર પોલીસમથકમાં , આરોપી સામે અપહરણ અને પોક્સોના ગંભીર ગુના નોંધાયા હતા. કેસની સુનાવણી દરમિયાન પોલીસની દલીલોના આધારે અદાલતે આરોપી સામે પૂરતા પુરાવા માન્ય રાખીને આ સજા સંભળાવી.

. . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....

# AMBAJI

ભાદરવી પૂનમના મેળા દરમ્યાન અંબાજી આવતા યાત્રિકોને મંદિર ટ્રસ્ટ દ્વારા કરોડો રૂપિયાનું વીમા કવચ પૂરું પાડવામાં આવશે. આ વર્ષે મેળાના 50 કિલોમીટરના અંતર સુધીના યાત્રીઓને વીમા સુરક્ષા આપવામાં આવશે.

આ વર્ષે વીમાકવચની રકમ વધારીને 10 કરોડ કરવામાં આવી છે. મંદિરના ટ્રસ્ટની વિવિધ સંસ્થાઓમાં પણ જો કોઈ મોટી ઘટના થાય તો તે માટે મંદિર ટ્રસ્ટ દ્વારા વીમા સુરક્ષા પૂરી પાડવામાં આવશે. વધુ માહિતી આપી રહ્યા છે અંબાજીના અધિક કલેકટર કૌશિક મોદી.

(બાઇટ- કૌશિક મોદી – અધિક કલેક્ટર – અંબાજી )

. . .

# SURAT DGVCL OFFICE

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલે સુરતમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ –DGVCLની નવી સચિન અર્બન અને કનસાડ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ કર્યું. શ્રી પટેલે આ કચેરીથી વીજ ગ્રાહકોને વધુ ઝડપી અને ગુણવત્તાયુક્ત સેવા મળશે તેમજ ગ્રાહકોની ફરિયાદોનું ઝડપી નિવારણ થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

આ પ્રસંગે ધારાસભ્ય સંદિપ દેસાઈએ કહ્યું કે, સરકાર દ્વારા 946 કરોડ રૂપિયાના ખર્ચે સુરત–સચિન–નવસારી સુધીનો છ માર્ગીય રસ્તાને મંજૂરી અપાઈ છે. તેનું નિર્માણકાર્ય 30 મહિનામાં પૂર્ણ થશે તેમ શ્રી દેસાઈએ ઉમેર્યું.

. .

# WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી 2 7 ઑગસ્ટ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. દરમિયાન આવતીકાલે જુનાગઢ , ગીરસોમનાથ, સાબરકાંઠા, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં અતિભારે વરસાદની સંભાવના છે. માછીમારોને પણ 26 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. તેમજ રાજ્યના દરિયાકાંઠે ત્રણ નંબરનું સિગ્નલ લગાવાયું હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)

. .

# RAIN

રાજયમાં આજે વરસાદનું જોર ઘટ્યું છે ત્યારે પાટણમાં સાંજથી વરસાદ થઈ રહ્યાના અહેવાલ છે. તો બોટાદના વિવિધ વિસ્તારમાં ઝાપટા પડ્યાં છે.

જામનગરનો રણજીત સાગર બંધ સતત બીજી વાર ઓવરફ્લો થયો છે.

અમરેલીના જાફરાબાદના તોફાની દરિયામાં ડૂબેલી ત્રણ હોડીના ગુમ થયેલા 11 માછીમારમાંથી આજે ચોથા દિવસે તટરક્ષક અને દરિયાઈ બચાવ ટુકડીને ત્રણ મૃતદેહ મળ્યા છે. અધવચ્ચે બંધ થયેલી 10 હોડીમાંથી ચાર હોડીને જાફરાબાદ બંદરે અને 6 હોડીને મહારાષ્ટ્રના દહાણું બંદરે લાંગરવામાં આવી હતી. આમાં સવાર તમામ 100 લોકો સલામત હોવાનું અમારા પ્રતિનિધિ હરેશ ટાંકે જણાવ્યું છે.

. .

# RAIN -REPORT

રાજયમાં આજે સાંજે છ વાગ્યા સુધીમાં 193 તાલુકામાં વરસાદનાં અહેવાલ છે. સૌથી વધુ દોઢ ઈંચ જેટલો વરસાદ ખેડાનાં નડિયાદમાં નોંધાયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધીનો મોસમનો કુલ સરેરાશ 77 ટકા જેટલો વરસાદ થયો છે.

રાજ્યની જીવાદોરી સમાન નર્મદા સરોવર બંધમાં હાલ 81 ટકા જેટલો પાણી સંગ્રહ થયો છે. રાજ્યમાં કુલ 76 બંધ હાઇ અલર્ટ અને 33 બંધ અલર્ટ પર છે.

દરમિયાન વરસાદનાં કારણે ફસાયેલાં 5 હજાર 191 લોકોનું સ્થળાંતર કરાયું અને 926 લોકોને બચાવાયાં છે. બીજી તરફ રાજ્યના કુલ 228 માર્ગ વાહન વ્યવહાર માટે બંધ હોવાના અહેવાલ છે.

. .

# VADODARA MEDAL

વડોદરાના બે તરવૈયા મનદીપસિંહ સંધા અને સારાહ સરોહાએ ભોપાલમાં યોજાયેલી સ્પર્ધામાં 10 ચંદ્રક જીત્યા છે. ભોપાલમાં તાજેતરમાં યોજાયેલી કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બૉર્ડ - CBSE ક્લસ્ટર વૅસ્ટ ઝૉન સ્વિમિંગ સ્પર્ધામાં આ તરવૈયાઓએ ત્રણ સુવર્ણ અને સાત રજત ચંદ્રક જીત્યા છે.

મનદીપસિંહ સંધાએ 19 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં ત્રણ સુવર્ણ અને બે રજત ચંદ્રક, જ્યારે સારાહ સરોહાએ 17 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં પાંચ રજત ચંદ્રક જીતીને શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. આ બંને ખેલાડીની હવે CBSE રાષ્ટ્રીય તરવૈયાઓની સ્પર્ધા માટે થઈ છે. હવે તેઓ રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

. .

# BHAVNAGAR TRAIN

ભાવનગર રેલવે મંડળમાંથી પસાર થતી ભાવનગર—ઓખા ઍક્સપ્રેસ ટ્રેનના સ્ટૉપેજને લાખાબાવળ અને પીપળી મથક પર આવતીકાલથી આગામી 30 નવેમ્બર સુધી તાત્કાલિક રદ કરાયું છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલકુમાર ત્રિપાઠીએ કહ્યું , ઓખા-ભાવનગર ઍક્સપ્રેસ અને ભાવનગર-ઓખા ઍક્સપ્રેસ આવતીકાલથી લાખાબાવળ અને પીપળી મથક પર ઊભી રહેશે નહીં. તેમણે રેલવેના યાત્રીએને આ ફેરફારને ધ્યાને લઈ મુસાફરી કરવા અપીલ કરી છે.

. .

# GRAMIN OLYMPIC -TARNETAR

સુરેન્દ્રનગરમાં તરણેતર ખાતે આગામી 26થી 28 ઓગસ્ટ , 20મી ગ્રામીણ ઓલિમ્પિક યોજાશે. ગ્રામીણ વિસ્તારોમાં રમતોને પ્રોત્સાહન આપવાના હેતુથી યોજાતી ઓલિમ્પિકમાં વિવિધ જિલ્લામાંથી રમતવીરો પોતાની પ્રતિભા રજૂ કરશે.

સ્પર્ધામાં વૉલીબોલ, કબડ્ડી સહિત દોડ , ગોળાફેંક, લાંબી કૂદ , લંગડી , નારીયેળ ફેંક , સાતોડી જેવી પરંપરાગત રમતોને પણ સ્થાન અપાયું છે. વિજેતાઓને રોકડ પુરસ્કારથી સન્માનિત કરાશે.

. . .